સભાગૃહમાં રજૂ થયા

તારીખ- ૨૨/૦૮/૨૦૨૪

सत्यमेव जयते

# અંદાજ સમિતિ

## ચોથો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

(ચૌદમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના બીજા અહેવાલ અને ચોથા અહેવાલ પરના પગલાંના પત્રકો પરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

# અનુક્રમણિકા



| ક્રમાંક | | વિગત | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | | ૫ |
| ૨ | ચૌદમી ગુજરાત વિધાનસભાનો બીજો અહેવાલ | | ૫ થી ૧૧ |
| | ૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫ |
| | ૨ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮ |
| ૩ | ચૌદમી ગુજરાત વિધાનસભાનો ચોથો અહેવાલ | | ૧૧ થી ૧૬ |
| | ૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧ |
| | ૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૩ |

અંદાજ સમિતિ

(સન ૨૦૨૪-૨૫)

<u>પ્રમુખશ્રી</u>

શ્રીમતી મનીષાબેન વકીલ

<u>સભ્યશ્રીઓ</u>

ડૉ. તુષાર ચૌધરી

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી કનુભાઈ પટેલ

શ્રી હર્ષદકુમાર પટેલ

શ્રી ભગવાનજીભાઈ કરગટીયા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી મહંત શંભૂનાથ ટુંડિયા

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી અર્જુનસિંહ ચૌહાણ

શ્રી માનસિંહ ચૌહાણ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી વિનોદભાઈ મોરડીયા

શ્રી અરવિંદ પટેલ

<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | સંયુક્ત સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેક્શન અધિકારી |

## અંદાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૪)

**પ્રમુખશ્રી**

શ્રીમતી મનીષાબેન વકીલ

**સભ્યશ્રીઓ**

ડૉ. તુષાર ચૌધરી

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી કનુભાઈ પટેલ

શ્રી હર્ષદકુમાર પટેલ

શ્રી ભગવાનજીભાઈ કરગટીયા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી મહંત શંભૂનાથ ટુંડિયા

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી અર્જુનસિંહ ચૌહાણ

શ્રી માનસિંહ ચૌહાણ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી વિનોદભાઈ મોરડીયા

શ્રી અરવિંદ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | સંયુક્ત સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેક્શન અધિકારી |

<u>અહેવાલ</u>

૧.	હું અંદાજ સમિતિના પ્રમુખ તરીકે પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ વતી સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરુ છું.

૨.	સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની સમિતિએ ચૌદમી ગુજરાત વિધાનસભાના (૧) બીજા અહેવાલ પરના અને (૨) ચોથા અહેવાલ પરના પગલાંના પત્રકો સંબંધિત વિભાગો પાસેથી મંગાવ્યા હતા. તે પગલાંના પત્રકોની તપાસ સમિતિએ હાથ ધરી હતી. તેને લગતો અહેવાલ સમિતિએ તેની તા.૩૦/૦૭ /૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો હતો.

## ચૌદમી ગુજરાત વિધાનસભાનો બીજો અહેવાલ

૩.	ચૌદમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, (૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તપાસ હાથ ધરી હતી અને તેને લગતો અહેવાલ સમિતિએ તા.૦૩/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ કર્યો હતો.

## (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

૪.	પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં ઉક્ત અહેવાલ સંબંધિત વિભાગે ભલામણ ક્રમાંકઃ ૧ થી ૫ સંબંધે લીધેલા પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તેના તા.૦૧/૦૫/૨૦૨૧ના પત્રથી મોકલાવેલ પગલાંના પત્રકોની તપાસ હાથ ધરવામાં આવી હતી.

૫.	ભલામણ ક્રમાંકઃ ૧ સંબંધમાં વિભાગે મોકલાવેલ લેખિત સાહિત્યમાં જણાવ્યું હતું કે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કુલ-૭૦૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે તેમજ વિભાગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારોને નિયમિત નિમણૂંક આપવાની કાર્યવાહી ગતિમાં છે. સરકારી મેડીકલ કોલેજ, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ તથા સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજ ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કરેલ બોન્ડેડ ઉમેદવારોનું સ્ટેટ મેરીટ મળ્યેથી બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી વર્ગ-૨ તરીકે નિમણૂંક આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. સમિતિની ઉક્ત બેઠકમાં PHC અને CHC સેન્ટરો ઉપર દર્દીઓના ધસારાને ધ્યાને લઈ સ્ટાફની ભરતી વિશે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિ સમક્ષ ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જી.પી.એસ.સી. દ્વારા પસંદગી

પામેલ ૭૦૪ ડૉક્ટર્સ સાથે સાથે ૨૭૦૭ બોન્ડેડ કેન્ડીડેડનું લિસ્ટ પણ આવી ગયું હોઈ તે સંબંધની કાર્યવાહી પણ ચાલુ છે. સમિતિની બેઠકમાં ટેકનિકલ સ્ટાફ જેમાં સિનિયર ફાર્માસિસ્ટ, એક્સ- રે ટેકનિશિયન, લેબોરેટરી ટેકનિશિયન તેમજ ફિઝિયોથેરાપીસ્ટની ખાલી જગ્યાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. જેના અનુસંધાને વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આ જગ્યાઓ પર આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે જે નિયમિત જગ્યાઓ ખાલી છે તે માટે ગૌણ સેવા પસંદગી મંડળમાં જગ્યાઓ ભરવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે. આ જગ્યાઓ ૬ માસમાં ભરાઇ જાય તેવી કાર્યવાહી કરવા સમિતિએ સૂચન કર્યું હતું. સી.એમ.સેતુ યોજનામાં આવતા ડૉક્ટરને પેમેન્ટ આપવામાં થતો વિલંબ નિવારવા માટે પણ સમિતિએ સૂચન કર્યું હતુ. વધુમાં જ્યાં બોન્ડેડ ડૉક્ટરોની નિમણૂક કરવામાં આવી હોય ત્યાં તેમની લાંબી રજાઓ અથવા ગેરહાજરીના સમયે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે કાળજી રાખવા પણ સૂચન કર્યુ હતુ.

૬. સમિતિની બેઠકમાં કિડની, હાર્ટ જેવી બીમારીની સારવાર માટે કઈ કઈ હોસ્પિટલો માન્યતા પ્રાપ્ત છે તે યાદીની જાહેરાત કરવા તેમજ દરેક દવાખાનામાં હેલ્પડેસ્ક રાખવા પણ સમિતિએ સૂચન કર્યું હતું.

૭. ભલામણ ક્રમાંક: ૨ સંબંધે વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, સરકારના તા.૩૧/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: GMS/102020/427/21થી કરાર આધારિત ફરજ બજાવતા ડૉક્ટરના પગારમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે મુજબ તજજ્ઞ ડૉક્ટરને પ્રાઇવેટ પ્રેક્ટીસની છૂટ સાથે માસિક રૂ.૭૦૦૦૦/-ના બદલે રૂ.૮૦૦૦૦/- ઉચ્ચક પગાર આપવાનું ઠરાવેલ છે, તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસની છૂટ વિના માસિક રૂ.૮૪૦૦૦/-ના બદલે ૯૫૦૦૦/- માસિક ઉચ્ચક પગાર આપવાનો નિર્ણય લીધેલ છે. આ ઉપરાંત NHMના ફંડમાંથી ડૉક્ટરને પ્રોત્સાહક રકમ આપવાની બાબત પણ વિચારણા હેઠળ છે. જેનાથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

૮. ભલામણ ક્રમાંક: ૩ સંબંધે વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, પી.એમ.જે.વાય. મા યોજનાની માહિતી લાભાર્થીઓને મળી રહે તે માટે બેનર્સ, પોસ્ટર્સ, હોલ્ડીંગ્સ તેમજ પેમ્પ્લેટસ બનાવવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના તમામ વર્તમાનપત્રોમાં ૧/૪ પેજની કલર જાહેરાત કરેલ છે. ડીજીટલ મીડીયામાં FAQSની ડીઝાઈન સોશ્યલ મીડીયા પર હેન્ડલ પર પોસ્ટ કરવાનું પણ આયોજન છે. સમિતિની બેઠકમાં આ યોજના માટે વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરવા વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સમિતિની બેઠકમાં પી.એમ.જે.વાય. યોજના અને તેના કાર્ડ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી

હતી. પી.એમ.જે.વાય. યોજનામાં ૧ કરોડ ૭૫ લાખ કાર્ડ એક્ટીવ છે. સમિતિએ આ વિશે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આવકના પ્રમાણપત્ર ઉપર આધારિત જે કાર્ડ હોય તે કાર્ડમાં આવકનું નવું પ્રમાણપત્ર અપલોડ ન હોવાથી ઘણી વખત હોસ્પિટલોમાં તે કાર્ડ ચાલતું નથી. આવકના દાખલાનું પ્રમાણપત્ર તલાટી પાસે જાય છે ત્યારે ૨૪ કલાકનો સમય થાય છે તેમજ જિલ્લામાંથી કાર્ડ કન્ફરમેશન માટે આવે ત્યારે ૩-૪ દિવસ થઈ જાય છે. પરિણામે દર્દીને તાત્કાલિક સારવાર મળવામાં વિલંબ થાય છે. આથી સંકલન કરી દર્દીને ઝડપથી સારવાર મળી રહે તે માટે સમિતિએ સૂચન કર્યું હતું. આ તબક્કે વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જે લાભાર્થીના આવકના દાખલાનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું બાકી હોય તેવા કિસ્સામાં પણ દર્દીને ૨૪ કલાક વ્યવસ્થિત સારવાર આપવામાં આવે છે તેમજ તેમાં કોઈ ઇસ્યુ હોય તો ટોલ ફ્રી નંબર અને પર્સનલ કોલ પણ કરી શકાય છે. આ બાબતે સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

૯. ભલામણ ક્રમાંક: ૪ સંબંધે વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, મા તથા મા-વાત્સલ્ય યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવાર દીઠ એક જ કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીઓને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવે છે. જેથી મા અને મા-વાત્સલ્ય યોજનાના તમામ લાભાર્થીની પી.એમ.જે.વાય. આયુષમાન કાર્ડમાં નોંધણી કરવાની થાય છે. ચર્ચાના અંતે ગરીબ માણસને તાત્કાલિક સારવાર આપવાનો સરકારનો હેતુ ફળિભૂત થાય તે માટેની જરૂરી વ્યવસ્થા ગોઠવવા માટે સમિતિએ સૂચન કર્યું હતું.

૧૦. ભલામણ ક્રમાંક: ૫ સંબંધે વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, પી.એમ.જે.વાય યોજના હેઠળ છેવાડાના માનવીને ગ્રામ્યકક્ષાએથી સરળતાથી આવકનો દાખલો મળી રહે તે હેતુથી રાજ્યમાં ઈ-કેન્દ્ર થકી ઈસ્યુ કરેલ તલાટી-કમ-મંત્રીના આવકના દાખલા પી.એમ.જે.વાય. મા-યોજના માટે તા.૦૫/૧૦/૨૦૨૧ના રોજ માન્ય કરેલ છે. જે દાખલા છેલ્લા ૩ વર્ષ માટે માન્ય કરેલ છે. આવકના દાખલા આપવાની સત્તા મહેસૂલ અને પંચાયત વિભાગની છે. ઉક્ત ભલામણ અન્વયે વિભાગે લીધેલ પગલાંથી સમિતિએ સંતોષ વ્યક્ત કરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સંબંધિત પગલાંના પત્રકોની તપાસ પૂરી કરી હતી.

## (૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

૧૧. ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલમાં સમાવિષ્ટ ભલામણ ક્રમાંક: ૭ થી ૧૨ સંદર્ભે વિભાગે તેના તા.૨૯/૦૫/૨૦૨૩ના પત્રથી પગલાંના પત્રકો મોકલાવેલ હતા. પંદરમી ગુજરાત

વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૬/૦૬/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં ઉક્ત અહેવાલ સંબંધિત વિભાગે મોકલાવેલ પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી હતી.

૧૨. ઉક્ત અહેવાલની ભલામણ ક્રમાંક: ૭ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮, વર્ષ ૨૦૧૮-૧૯ સુધીમાં અદ્યતન યાદી તૈયાર કરવા માટે આવાસ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે મુજબની યાદી ગ્રામસભાના ઠરાવ મુજબ એપેલેટ ઓથોરીટી મારફત આખરી કરવામાં આવેલ છે. જે લાભાર્થીઓ પાસે જમીન ઉપલબ્ધ છે તેમનું ઓનલાઈલ જીઓટેગ અને જમીન ધરાવતા હોવાના પુરાવા લેવામાં આવેલ છે અને જમીન વિહોણા લાભાર્થીઓ માટે સોફ્ટવેરમાં નોંધણી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સમિતિની બેઠક સમક્ષ ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રાંતકક્ષાની લેન્ડ કમિટી મારફત જમીનની ફાળવણી થાય છે. સમયાંતરે મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગ મારફત સંકલન કરી લાભાર્થીઓને ઝડપથી પ્લોટ મળે અને મકાન બાંધકામનું કામ ઝડપથી થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. જે લાભાર્થીઓને ગામતળ ન હોવાના કારણે પ્લોટ મળતો નથી તેમને મહેસૂલ વિભાગના સંબંધિત ઠરાવ મુજબ નજીકના ગામમાંથી ગામતળ નીમ કરાવી પ્લોટિંગ કરીને પ્લોટ ફાળવવામાં આવે છે. સમિતિની બેઠકમાં નરેગા તેમજ પંચાયતની યોજનામાં થતા વ્યાપક ભ્રષ્ટાચારને અટકાવવા ગેરરીતિ આચરનાર જવાબદારો સામે કડક પગલાં લેવાના સૂચન સાથે સમિતિએ ઉક્ત ભલામણ સંબંધે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૩. ભલામણ ક્રમાંક: ૮ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, મનરેગા યોજનાના દૈનિક વેતનના દર ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ.૨૩૯.૦૦/- પ્રતિદિન વેતનદર નક્કી કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા વેતનદરમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવે છે. મનરેગા યોજનાની ગાઇડલાઈન અંગે સરપંચોને જે કોઈ સમસ્યા ઉદ્દભવે તે અંગે જિલ્લાઓમાં સર્વે કરાવી નિરાકરણ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. સમિતિની બેઠકમાં સમિતિ સમક્ષ ઉપસ્થિત થયેલ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, મનરેગા યોજનાની ગાઈડલાઈન અંગે સરપંચો માટે વખતો વખત પંચાયત વિભાગ અને રાજ્ય ગ્રામીણ વિકાસ સંસ્થા સાથે મળીને તાલુકા અને જિલ્લા કક્ષાએ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સમિતિએ ઉક્ત ભલામણ સબંધે વિભાગે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૪. ભલામણ ક્રમાંક: ૯ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, મનરેગા યોજનાના કામોના સ્થળે છાંયડા માટે શેડની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા અને First Aidની વ્યવસ્થા કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જે અન્વયે જિલ્લાઓ દ્વારા વ્યવસ્થા કરવા માટેની સૂચના પણ આપવામાં આવેલ છે. જેની જિલ્લા/તાલુકા કક્ષાના કર્મચારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. રાજ્યકક્ષાએથી અધિકારીશ્રીઓ દ્વારા પણ કામના સ્થળની મુલાકાત દરમિયાન વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવે છે. સમિતિએ વિભાગના પ્રતિનિધિઓ સાથેની ચર્ચાથી ઉક્ત બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૫. ભલામણ ક્રમાંક: ૧૦ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, મનરેગા યોજનાની ગાઇડલાઇન મુજબ ગ્રામ્યકક્ષાએ મનરેગા યોજનાના કામો હાથ ધરવા માટે ગ્રામ પંચાયતને અમલીકરણ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. મનરેગા યોજના અંતર્ગત હાથ ધરવામાં આવનાર કામોના આયોજન ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભામાં નક્કી કરવામાં આવે છે. ગ્રામસભામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહે છે. ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રેઇન વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રક્ચરના કામો હાથ ધરવા બાબતે કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીના તા.૦૬/૦૮/૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ ગવક/મનરેગા/ટીએ/૭૪૮૩-૭૫૫૨/૨૦૨૧થી સૂચના આપવામાં આવેલ છે. સમિતિએ ઉક્ત ભલામણ સબંધે વિભાગે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૬. ભલામણ ક્રમાંક: ૧૧ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, પંચાયતી રાજ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ગ્રામ પંચાયતને સમગ્ર વર્ષ દરમિયાન હાથ ધરવાના થતા કામોને ગ્રામસભામાં મંજૂર કરાવી જી.પી.ડી.પી. પોર્ટલ પર અપલોડ કરવાનું ફરજિયાત કરેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૪૦૭૩ ગ્રામ પંચાયતના પ્લાન ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર અપલોડ થયેલા છે. આ વિષય અંગે વિગતે ચર્ચા કરતા સમિતિની પૃચ્છા સંદર્ભમાં સમિતિ સમક્ષ ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જી.પી.ડી.પી.નો જે કન્સેપ્ટ છે એ ગ્રામ પંચાયતનો ડેવલપમેન્ટ પ્લાન છે. નાણા પંચની ગ્રાન્ટ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને મળે છે. ગ્રામ પંચાયતનો ડેવલપમેન્ટ પ્લાન ગ્રામ પંચાયત કક્ષાએ બનાવવો પડે અને નાણાપંચ અંતર્ગત કામ કરવાના હોય છે. આમ જે કામો ભારત સરકારના પંચાયત મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં

આવે ત્યારબાદ જ તે કામ માટે નાણાપંચની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાય છે. જે કામો મંજૂર કરાવવામાં આવે પરંતુ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં ન આવે ત્યાં સુધી નાણાપંચની ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકાતો નથી.

વધુમાં, વિભાગના પ્રતિનિધિઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે, જી.ઓ. ટેગીંગ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલમાં ફરજિયાત છે. જેમાં ૩ સ્તરે ફોટોગ્રાફ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કરવાનો હોય છે. કામ શરૂ થતા પહેલા, કામ દરમિયાન અને કામ પૂર્ણ થયા પછીના ફોટોગ્રાફ ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર અપલોડ કર્યા બાદ કામના પેમેન્ટ માટેની કાર્યવાહી થઈ શકે છે. આમ ફરજિયાત પણે ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફત પેમેન્ટ કરવાનું હોઇ એક જ કામ માટે જુદી-જુદી ગ્રાન્ટ વાપરવા અને ડુપ્લીકેશન ઓફ બીલ ઉપર મહદ્અંશે અંકુશ આવી ગયો છે. ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર કામો અપલોડ કરવામાં બિનજરૂરી વિલંબ નિવારવા માટે વિભાગ દ્વારા કાળજી રાખવાના સૂચન સાથે સમિતિએ ઉક્ત ભલામણ સંબંધે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૭. ભલામણ ક્રમાંક: ૧૨ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, વિકાસ કમિશ્નરશ્રી દ્વારા બનેલ સમિતિના સૂચનો/ભલામણો અનુસાર જીલ્લા/તાલુકા પંચાયતોના સ્વભંડળોના ઉપયોગ માટેની ગાઇડ લાઇન સહિતની વિવિધ નીતિ વિષયક મુદ્દાઓ બાબતે નિયમોનુસારની કાર્યવાહી અર્થે વિભાગ ખાતે રજૂ કરેલ સંકલિત દરખાસ્ત વધારે વિગતો સાથે રજૂ કરવા જણાવેલ છે. વિભાગના પ્રતિનિધિએ સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે ભલામણ પરત્વેની કાર્યવાહી પ્રગતિમાં છે. સમિતિએ વિભાગે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

સમિતિએ કરેલ ભલામણો સંબંધે વિભાગે લીધેલા પગલાં સંબંધે સમિતિએ સંતોષ વ્યક્ત કરી વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

## ચૌદમી ગુજરાત વિધાનસભાનો ચોથો અહેવાલ

૧૮. ચૌદમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ, (૨) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની તપાસ હાથ ધરી હતી અને તેને લગતો અહેવાલ સમિતિએ તા.૧૮/03/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ કર્યો હતો.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

૧૯. પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૧૬/૦૫/૨૦૨૩ની બેઠકમાં ઉક્ત અહેવાલ સંબંધિત વિભાગે મોકલાવેલ પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી હતી.

ચૌદમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના ચોથા અહેવાલમાં સમાવિષ્ટ ભલામણ ક્રમાંક: ૧ થી ૩ સંદર્ભે વિભાગે તેના તા.૦૮/૦૩/૨૦૨૨ના પત્રથી માહિતી મોકલાવેલ હતી.

૨૦. ભલામણ ક્રમાંક: ૧ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, કમિશ્નર, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ કચેરીની નિયમિત જગ્યાઓ ભરવા માટેના ભરતી નિયમો બનાવવાની દરખાસ્ત કાર્યવાહી હેઠળ છે. સમિતિની બેઠકમાં આ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિની પૃચ્છા સંબંધે વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની ઉદ્યોગ કમિશ્નર અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની કમિશ્નર કચેરીની કામગીરી સમાન પ્રકારની છે. અગાઉ સામાન્ય વહીવટ વિભાગને ભરતી નિયમો માટે દરખાસ્ત મોકલવામાં આવી હતી પરંતુ ચર્ચા વિચારણાના અંતે બંન્નેની કામગીરી સમાન પ્રકારની હોઈ કોમન કેડર તરીકે દરખાસ્ત કરવામાં આવી છે. આ અંગે સામાન્ય વહીવટ વિભાગની સૈધ્ધાતિંક મંજૂરી મળી ગઈ છે અને મંજૂરી મળ્યેથી કેડર શિડ્યુલ પ્રસિધ્ધ કરવામાં આવશે. તદ્‌પરાંત સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે તેના તા.૧૭/૦૯/૨૦૨૨ના ઠરાવથી દિવ્યાંગતા સુનિશ્ચિત કરવાનું સૂચવેલ છે. તે મુજબ દિવ્યાંગતા સુનિશ્ચિત કરવાનો આખરી તબક્કો છે. જે આખરી થતા જ સીધી ભરતી માટેના માગણા પત્રક બોર્ડને મોકલી આપવામાં આવશે. સમિતિએ આ તબક્કે આ જગ્યાઓ વહેલી તકે ભરવા સંદર્ભેની જરૂરી કાર્યવાહી કરવા ત્વરિત હાથ ધરવાની અપેક્ષાએ ભલામણ સબંધે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૨૧. ભલામણ ક્રમાંક: ૨ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, સદર બાબત State Environment Impact Assessment Authority (SEIAA)ના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોઇ ચેરમેનશ્રી SEIAA ને પત્ર ક્રમાંક: સીજીએમ/ઈ.સી/ અંદાજ/૧૩૪/ ૨૦૨૧-૨૨/૩૩૯૧, તા.૩૦/૦૯/૨૦૨૧ના રોજ ઘટતી કાર્યવાહી કરવા જણાવ્યું છે. આ વિષય સંબંધમાં સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સન ૧૯૯૪ અને સન ૨૦૦૬માં સમયાંતરે જે નોટિફિકેશનો આવ્યા તેમાં પર્યાવરણીય નિયમો વધારે દ્રઢ બનતા ગયા છે. આના કારણે ઉદ્યોગોમાં ક્ષેત્રફળ અમુક હેક્ટર કરતાં વધુ હોય તો પર્યાવરણીય મંજૂરી(E.C.) લેવાની થાય અને અમુક હેક્ટર કરતા ઓછુ હોય તો

પર્યાવરણીય મંજૂરી(E.C.) લેવાની ન થાય તેવું ઠરાવેલ છે. આ પરિસ્થિતિમાં લગભગ તમામ પ્રકારના ખાણકામ માટે પર્યાવરણીય મંજૂરી(E.C.) લેવાની જોગવાઈ રહે છે. નામદાર સુપ્રીમ કોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની પણ ગાઇડ લાઇન છે જે મુજબ પર્યાવરણીય મંજૂરી(E.C.) વગર ખાણકામ કરવાની મંજૂરી આપી શકાય નહિ. આ તબક્કે સમિતિએ લીઝ મંજૂર થયા બાદ પર્યાવરણીય મંજૂરી(E.C.) શક્ય તેટલી ઝડપી મળે તેવા પ્રયત્નો કરવા સૂચન કર્યું જેથી સરકારને આવક મળે અને ગેરકાયદેસર ખોદકામ અટકાવી શકાય. સમિતિએ વિભાગે લીધેલ પગલાંથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

૨૨. ભલામણ ક્રમાંક: ૩ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, સમાન કાચોમાલ ખરીદવા ઈચ્છતા ઉદ્યોગકારોને તે માલ સસ્તી કિંમતે મળી શકે તે માટે એમ.એસ.એમ.ઈ. કમિશ્નરશ્રીની અધ્યક્ષતા હેઠળ એસોસિએશન/જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની NSIC સાથેની બેઠક રાખવામાં આવેલ છે. ઓદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત બજાર વિકાસ યોજના(MDA Scheme) હેઠળ રાજ્ય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા પ્રદર્શનમાં ભાગ લેનાર ઉદ્યોગ સાહસિકોને STALL RENT તેમજ LITERATURE AND DISPLAY MATERIALનાં વિવિધ ધારાધોરણ મુજબ સહાય આપવામાં આવે છે. આ વિષય અંગે સમિતિની બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સમિતિ સમક્ષ ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ.માં માર્કેટ ડેવલપમેન્ટ આસીસ્ટન્સ સ્કીમઃ ૧ અને ૨ કાર્યરત છે. જેમાં સ્કીમ: ૧ અંતર્ગત જે મેન્યુફેક્ચરીંગ એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં ઓદ્યોગિક એસોસિએશન, ચેમ્બર્સ ફેડરેશન દ્વારા પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં રાજ્યકક્ષાના પ્રદર્શન માટે ૭૫ ટકા અથવા રૂ.૫૦ હજાર બે માંથી જે ઓછુ હોય તે પ્રમાણે, રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શન માટે ૭૫ ટકા અથવા રૂ. ૧ લાખ બે માંથી જે ઓછુ હોય તે પ્રમાણે તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શન માટે ૭૫ ટકા અથવા રૂ. ૨ લાખ બે માંથી જે ઓછુ હોય તેટલા પ્રમાણમાં સહાય ચૂકવવામાં આવે છે તેમજ ભારત બહારના પ્રદર્શન માટે ૬૦ ટકા અથવા રૂ. ૫ લાખ બે માંથી જે ઓછુ હોય તે પ્રમાણે સહાય આપવામાં આવે છે. સ્કીમઃ ૨ અંતર્ગત પ્રદર્શનના આયોજકને વીજ વપરાશના ૬૦ ટકા સહાય આપવામાં આવે છે.

સમિતિએ કરેલ ભલામણો સંબંધે વિભાગે લીધેલા પગલાં સંબંધે સમિતિએ સંતોષ વ્યક્ત કરી વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

૨૩. પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૧૬/૦૫/૨૦૨૩ની બેઠકમાં ઉક્ત અહેવાલ સંબંધિત વિભાગે મોકલાવેલ પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી હતી.

ચૌદમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિના ચોથા અહેવાલમાં સમાવિષ્ટ ભલામણ ક્રમાંક: ૪ થી ૮ સંદર્ભે વિભાગે તેના તા.૦૪/૦૪/૨૦૨૨ના પત્રથી માહિતી મોકલાવેલ હતી.

૨૪. ભલામણ ક્રમાંક: ૪ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૦ તથા તા.૧૭/૧૦/૨૦૨૦ના ઠરાવથી અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે. આ બાબતે નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તમામ કલેક્ટરશ્રીઓને તા.૨૩/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક: પીડીએસ/NFSA/ફા.નં.૩૬૭/૨૦૨૦થી સૂચનાઓ આપવામાં આવેલ છે. જે મુજબ તા.૦૧/૦૪/૨૦૧૬થી 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩' અમલી બન્યા તારીખથી વિભાગના તા.૧૭/૧૦/૨૦૨૦ના ઠરાવ થયાની તારીખ સુધીમાં જે કોઈ NFSA રેશનકાર્ડનું વિભાજન કરવાથી નવા બનાવેલ રેશનકાર્ડ Non-NFSA કેટેગરીના કરેલ હશે તેવા કુટુંબનો સત્વરે સંપર્ક કરી તેઓની અરજી મેળવી નાયબ મામલતદાર(પુરવઠા) દ્વારા તે કુટુંબની હાલની પાત્રતા સંદર્ભે ચકાસણી કરી પાત્રતા ધરાવતા કુટુંબને NFSA કેટેગરીમાં સમાવેશ કરવાનું ઠરાવેલ છે. આ ઠરાવોનું સમયસર અને ઉચિત અમલીકરણ કરવા પણ જણાવેલ છે.

સમિતિની બેઠકમાં આ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ ધ્યાન દોરતા સૂચન કર્યું હતું કે, દર મહિને જિલ્લા અને તાલુકા કક્ષાની પુરવઠા મીટીંગ મળવી જોઇએ જેથી કોઈ જરૂરીયાતમંદ તેને મળવાપાત્ર લાભથી વંચિત રહી ન જાય. વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, NFSA માં તા.૧૪/૦૧/૨૦૨૩થી એક પરિપત્ર કરવામાં આવેલ છે જે મુજબ NFSAમાં પાત્રતા રૂ.૧૦,૦૦૦/- થી ઓછી આવકવાળી હતી તે વધારી રૂ.૧૫,૦૦૦/- થી ઓછી આવક હોય તેમને આ કેટેગરીમાં લેવાનું નિયત થયેલ છે.

વધુમાં, સામાન્ય જનતા જોઈ શકે તે માટે પબ્લિક પોર્ટલ ઉપર તમામ NFSA અને Non NFSAની જિલ્લાવાર/ગામવાર યાદી મુકવામાં આવે છે જેને દર માસે અદ્યતન કરવામાં આવે છે. લાભાર્થીઓ પોતે પણ NFSA કાર્ડ ધારકોની યાદી જોઈ શકે છે. તેમ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું.

૨૫. ભલામણ ક્રમાંક: ૫ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, દર માસની ૧લી તારીખે અખબારોમાં પ્રસિધ્ધ થતી જાહેરાતોમાં ટોલ ફ્રી નંબર, હેલ્પલાઇન નંબરની વિગતો જાહેર જનતાની જાણકારી માટે દર્શાવવામાં આવે છે. ગ્રાહકોને Bio-Metric Authentication થી જથ્થો પૂરો પાડવાની જાણ લાભાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર કરવામાં આવે છે. ગ્રાહકોને વધુ જાણકારી મળે તે માટે જીલ્લા પુરવઠા અધિકારીશ્રી(તમામ) અને અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદ શહેરને સ્થાનિક પ્રચાર-પ્રસાર માટે પણ જણાવેલ છે.

આ વિષય સંદર્ભમાં સમિતિની બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિની પૃચ્છા સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, માય રેશન નામની એપ્લીકેશન રાજ્ય સરકારે અમલમાં મૂકી છે. જેમાં લાભાર્થી તેનો રેશનકાર્ડ નંબર એપ્લીકેશનમાં નાખે તો તેને શું શું મળવાપાત્ર છે, છેલ્લા છ મહિનામાં શું શું આપવામાં આવેલ છે. તેની તમામ માહિતી મોબાઇલમાં આવી જાય છે.આ તબક્કે સમિતિએ સૂચન કર્યું હતું કે, રેશનકાર્ડ ઈસ્યુ થાય ત્યારે જ જો છેલ્લા પાના ઉપર શું શું મળવાપાત્ર છે તેની વિગતો આપવામાં આવે તો રેશનકાર્ડ ધારક માટે વધુ સરળતા રહેશે. વધુમાં કાર્ડ ધારકને જે જથ્થો ફાળવવામાં આવે તે એક સાથે ફાળવવામાં આવે તો તેમને ધક્કા ન ખાવા પડે તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું સૂચન પણ સમિતિએ કર્યું હતું.

૨૬. ભલામણ ક્રમાંક: ૬ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગના તા.૨૬/૦૮/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: વભદ /૧૦/ ૨૦૧૫/ ૨૬૨૪/ ક ની જોગવાઈ ક્રમાંક: ૩.૬ મુજબ વિશિષ્ટ સંજોગોમાં અને જાહેરહિત તેમજ લોકહિતમાં રાજ્ય સરકારને કોઈપણ વિસ્તારમાં કોઈ પણ કારણસર દુકાન ખોલવાની સત્તા છે. આ બાબતે સમિતિની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. સમિતિ સમક્ષ ઉપસ્થિત વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ભારત સરકારની વન રેશન વન નેશન કાર્ડની જે સ્કીમ છે તે હેઠળ લાંબુ અંતર હોય તો પણ લાભાર્થી નજીકનું કોઈ સ્થળ હોય ત્યાંથી મળવાપાત્ર અનાજ મેળવી શકે છે. તા. ૨૬/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રાઇટએરિયાનો છે પરંતુ ખાસ કિસ્સામાં

સરકારશ્રી કક્ષાએથી અનુમતિ મેળવી વિશિષ્ટ સંજોગોમાં અનાજ લેવામાં પડતી મુશ્કેલી સંદર્ભે સરકારશ્રીએ એફપીએસ(વાજબી ભાવની) દુકાન ખોલવા અંગે વ્યવસ્થા રાખેલ છે.

૨૭. ભલામણ ક્રમાંક: ૭ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, નાબાર્ડ લોન યોજના હેઠળ ડબલ્યુ.આઈ.એફ-૩ પ્રોજેક્ટ અંતર્ગત નિગમ તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૮૪ ગોડાઉન બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંગે સમિતિની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ હસ્તક ૨૫૦ ગોડાઉનો છે. એ એકમમાં ૬૦૦ કરતાં વધારે પ્રિમાઇસીસ આવેલા છે ત્યાં તેનુ સ્ટોરેજ કરવામાં આવે છે. સમિતિએ આ તબક્કે વધતી જતી વસ્તીના પ્રમાણમાં અનાજની સંગ્રહ ક્ષમતા પણ વધવી જોઈએ તેના માટે કેટલા ગોડાઉન બનાવ્યા છે તેની પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આ સતત ચાલતી પ્રક્રિયા છે. નિગમ અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૮૪ ગોડાઉન બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૧૯ ગોડાઉન જમીનના પ્રશ્નના કારણે રદ કરવામાં આવેલ છે. તાજેતરમાં ૬૨ ગોડાઉનનું કામ પૂર્ણ થયેલ છે તેમજ ૩ ગોડાઉનની કામગીરી ચાલુ છે. અગાઉ ૫૦૦ મેટ્રિક ટનના ગોડાઉન બનાવવામાં આવતા હતા હવે નવા સમયની માંગ પ્રમાણે ૨૦૦૦ મેટ્રિક ટનના ગોડાઉન બનાવવામાં આવે છે.

૨૮. ભલામણ ક્રમાંક: ૮ સંદર્ભમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં જણાવ્યું હતું કે, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતનો) હુકમ, ૨૦૦૪ની જોગવાઈ ક્રમાંક: ૧૪(૪)(ચ) મુજબ જે લાયસન્સ ધારક રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ સિવાયની અન્ય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેતો હોય અને ખુલ્લા બજારમાં અનાજનું વેચાણ કરતો હોય એવી રેશનની દુકાનો અન્ય વ્યક્તિ કે સંસ્થાને સોંપી દેતો હોય અને લાયસન્સ આપવા સંબંધી બોલીઓ અને શરતોનું ઉલ્લંઘન કરતો હોય તેવા લાયસન્સ ધારકનું લાયસન્સ રદ થવા પાત્ર ગણાશે અને લાયસન્સ આપનાર સત્તાધિકારીના લેખિત હુકમથી લાયસન્સ રદ અથવા મોકૂફ કરી શકાશે. આ બાબતે સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ ગંગાસ્વરૂપા બહેનો માટે NFSAના મળતા લાભ વિશે પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, તા.૧૩/૧૦/૨૦૨૦ના ઠરાવ મુજબ વિધવા બહેનોની આવકને ધ્યાનમાં લીધા સિવાય NFSA નો લાભ આપવામાં આવે છે.

સમિતિની બેઠકમાં સમિતિએ કોરોના મહામારીમાં જે વાજબી ભાવની દુકાનોના સંચાલકો મૃત્યુ પામ્યા હોય તેમને વળતર ચૂકવવા બાબતે પ્રશ્ન કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં વાજબી ભાવના સંચાલકો, તોલાન્ટ અને ઓપરેટર તેમજ અન્ય કોઈ સહાયકો હોય તો તેમને ૨૫ લાખની સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી તેમા ૬૬ કેસો મંજૂર કર્યા છે. સમિતિએ સૂચન કર્યું હતું કે, તાલુકા પ્રમાણે કેટલા કેસોમાં વળતર ચૂકવવામાં આવ્યું નથી તે કેસોની તપાસ કરી ત્વરિત વળતર ચૂકવવું જોઇએ. આ ઉપરાંત NFSAના નવા ઠરાવના ધોરણો ધ્યાનમાં લઈ સર્વે કરાવી જે લોકો રહી ગયા હોય તેમને કાર્ડ આપવાની કામગીરી ઝડપથી કરવી જેથી લાભાર્થી કુટુંબો રહી ન જાય.

સમિતિએ કરેલ ભલામણો સંબંધે વિભાગે લીધેલા પગલાં સંબંધે સમિતિએ સંતોષ વ્યક્ત કરી વિભાગની તપાસ પૂર્ણ કરી હતી.

૨૯. સમિતિની બેઠકોમાં નાણા વિભાગના પ્રતિનિધિઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા, તેમણે સમિતિના કામકાજમાં આપેલ સહાય બદલ સમિતિ તેમનો આભાર વ્યક્ત કરે છે.

૩૦. સમિતિની તપાસ અર્થે સંબંધિત વિભાગના અધિકારીઓએ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડવામાં આપેલ સહકારની સમિતિ નોંધ લે છે.

૩૧. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહકારની પણ સમિતિ નોંધ લે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય<br>ગાંધીનગર.<br>તા. ૩૦/૦૭/૨૦૨૪

શ્રીમતી મનીષા વકીલ<br>પ્રમુખ<br>અંદાજ સમિતિ